# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૬- A તા.૧૬-૦૧-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં ૧૨ વર્ષ સુધીની ઉંમરનાં બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવા અંગે.**
**સંદર્ભ :-ઝૂ ડાયરેક્ટરશ્રીની કચેરીના ઝેડ.એસ.ડી.નં. ૪૭૨/તા.૦૬-૦૧-૨૦૨૩ પત્ર અન્વયે**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, તા.૧૪-૦૧-૨૦૨૩ થી તા.૩૦-૦૧-૨૦૨૩ સુધી કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં એનીમલ વેલ્ફેર પખવાડીયાની ઉજવણી કરવામાં આવનાર છે. આ પખવાડિયા દરમ્યાન શહેરના બાળકોને વન્ય પ્રાણીઓનો પરિચય થાય તેમજ વન્ય પ્રાણી વિષે માહિતગાર થાય તે હેતુસર આ અઠવાડિયા દરમ્યાન ૧૨વર્ષ સુધીના બાળકોને દર સોમવાર સિવાય‘ઝૂ’માં સવારના ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ સુધી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવનાર છે તથા કાંકરિયા પરિસરમાં શૈક્ષણિક પ્રવાસે આવતા શાળાના બાળકોને મુખ્ય શિક્ષકશ્રીના લેટરપેડ ઉપર લેખિત અરજી કાંકરિયા પરિસરના ગેટ ઉપર રજૂ કર્યેથી રૂા.૧/- બાળકદીઠ ચૂકવવાથી પ્રવેશ મળશે. જે જાણમાં લઈ શાળાના બાળકો આ લાભ લઈ શકે તેવા પ્રયત્નો કરવા જણાવવામાં આવે છે.

તા.૧૬-૦૧ -૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી